કૃષિ મહોત્સવ-૨૦૧૬ ના આયોજન માટે અગ્રસચિવશ્રી (કૃષિ) ના અધ્યક્ષપદે તા.૨૯-૪-૨૦૧૬ ના રોજ ૧૨-૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યનોંધઃ-

---

તા.૨૯-૪-૨૦૧૬ ના રોજ બપોરના ૧૨ કલાકે વિભાગના કમીટી રૂમમાં બેઠક મળી હતી જેમાં સાથે સામેલ યાદીના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

બેઠકની શરૂઆતમાં અગ્રસચિવશ્રી (કૃષિ) એ આગામી કૃષિ મહોત્સવ-૨૦૧૬ ના આયોજનની રૂપરેખા આપી અને વિભાગ દ્વારા પરિપત્રીત કરવામાં માર્ગદર્શક સૂચનાઓ તથા રાજય સરકારના અભિગમ વિશે વાકેફ કરેલ. અગ્રસચિવશ્રીએ દરેક યુનિવર્સિટીના મુખ્ય મથકે થનાર મેગાઇવેન્ટના આયોજન બાબતે દરેક યુનિવર્સિટીના અધિકારીઓ પાસેથી તેઓના આયોજનની વિગતો મેળવી હતી તેમજ તાલુકા કક્ષાએ થનાર અન્ય કાર્યક્રમો વિશેના આયોજનની પણ ચર્ચાવિચારણા થઇ. મેગાઇવેન્ટ તેમજ કૃષિ મહોત્સવના અન્ય કાર્યક્રમો વિભાગની વિવિધ યોજનાઓ થકી થતી કામગીરી અને જાહેર જનતાને તેના લાભ પહોંચાડવા માટેનો ઉત્તમ અવસર છે આથી બધા જ કાર્યક્રમો અને આયોજન ઉત્તમ રીતે થાય અને કોઇપણ જાતની કચાસ ન રહે તે જોવા જણાવ્યું. ચર્ચામાં સચિવશ્રી (પ.પા./મત્સ્યોદ્યોગ/સહકાર) દ્વારા પણ કેટલાક સૂચનો રજુ થયા હતા. ચર્ચાને અંતે નીચે મુજબ નિર્ણય અને તે મુજબ કાર્યવાહી કરવાનું નકકી થયેલ છે.

(૧) જે જીલ્લામાં મેગાઇવેન્ટ કરવામાં આવે તે જીલ્લામાં થનાર કૃષિ મહોત્સવના એક ભાગ તરીકે કાર્યક્રમ ગણાશે.

(૨) મેગાઇવે.ન્ટ માટેના સ્થળ  યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ અથવા અનુકૂળ વિશાળ જગ્યામાં રાખવું. મેગાઇવેન્ટના મુખ્ય સમારંભો માટેના સમીયાણામાં ૧૫૦૦૦ વ્યકિતઓ સમાઇ શકે તે માટેની વ્યવસ્થા કરવી. સમીયાણામાં હવા ઉજાસ, ખુરશીઓ, પંખા,  છ કે તેથી વધુ સંખ્યામાં LED રાખવા અને આકર્ષક અને ભવ્ય સ્ટેજ બનાવવું, મુખ્ય કાર્યક્રમ શરૂ થાય તે અગાઉ LED ઉપર સારી ગુણવત્તાવાળી અને કૃષિ  વિષયક ડોકયુમેન્ટ્ર ફીલ્મ દર્શાવવામાં આવે,  રાજયના વિકાસને લગતી પણ ફીલ્મ બતાવી શકાય.

(૩) મેગાઇવેન્ટ માટે યુનિવર્સિટીઓ દ્વારા ૧૨૦૦૦ ની સંખ્યામાં કિસાન લાભાર્થીઓને લાવવા-લઇ જવાની વ્યવસ્થા કરવાની રહેશે. મુખ્ય કાર્યક્રમ તથા બપોર પછીના

DEE 30/4/16 30/4/16 ૧

અન્ય પ્રદર્શનો માટે, આત્મા અને કૃષિ ખાતા દ્વારા વધુ સંખ્યામાં જાહેર જનતા લાભ લે તે મુજબના પ્રયાસો કરવા.

(૪) મેગાઇવેન્ટમાં વધુમાં વધુ પાંચ ડોમ (દરેક ડોમમાં ૩૦ સ્ટોલ ) તૈયાર કરાવવા. નીચે મુજબની સંસ્થાઓએ, તેમના નામ સામે જણાવ્યા મુજબના સ્ટોલમાં તેઓના પ્રદર્શન નિદર્શન રાખવાના રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | યુનિવર્સિટી | ૩૦ |
| (૨) | પશુપાલન | ૨૦ |
| (૩) | સહકાર | ૧૦ |
| (૪) | કૃષિ | ૮ |
| (૫) | બાગાયત | ૫ |
| (૬) | ગુજરાત બીજ નિગમ | ૨ |
| (૭) | ગુજરાત જમીન વિકાસ નિગમ | ૨ |
| (૮) | એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન | ૨ |
| (૯) | આત્મા | ૧ |
| (૧૦) | અન્ય કોર્પોરેશન જેવા કે GGRC, GNFC, GSFC, IFFCO વિગેરે | ૧૦ |
| (૧૧) | સ્થાનિક જિલ્લાની કચેરીઓ | ૩૦ |
| (૧૨) | ખાનગી સંસ્થાઓ/કંપનીઓ માટે ખાનગી રીતે આપવાના સ્ટોલ | ૩૦ |
| | કુલઃ- | ૧૫૦ |

(૫) સ્ટોલમાં આકર્ષક પેનલો, લાઇવ ડેમોસ્ટ્રેશન, યોજનાકીય સિધ્ધીઓ તેમજ અગત્યના પ્રાસંગીક ફોટોગ્રાફસ તેમજ LED દ્વારા સતત નિદર્શન ઉપરાંત નિષ્ણાંતો દ્વારા રૂબરૂમાં માર્ગદર્શન જેવી બાબતોનો સમાવેશ થશે.

(૬) સેમીનાર માટે અલગ રીતે ઓડીટોરીયમમાં રાખી શકાશે. જેમાં રસ ધરાવતા વ્યકિતઓ તેમજ જે તે ક્ષેત્રના આગેવાનો, હોદ્દેદારો, પ્રગતિશીલ ખેડૂતો વિગેરેને અલગથી નિમંત્રણ આપી બોલાવવાના રહેશે. દરેક મેગાઇવેન્ટમાં પ્રથમ દિવસના બપોર પછી પશુપાલન તથા સહકાર એપીએમસીને લગતા વિષયોના સેમીનાર

સચિવશ્રી (પ.પા./સહકાર/મત્સ્યોદ્યોગ) ના માર્ગદર્શન હેઠળ યોજાશે. બીજા દિવસે સવારના સેમીનાર, ખેતી નિયામકશ્રી તથા ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા કૃષિ અને ફુડ પ્રોસેસીંગ વિષયો ઉપર ખેતી નિયામકશ્રી તથા મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના માર્ગદર્શન હેઠળ આયોજીત થશે. બીજા દિવસે બપોર પછીના સેમીનાર નિયામકશ્રી, બાગાયત, મેનેજીંગ ડીરેકટરશ્રી આત્મા, મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત બીજ નિગમ , મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત જમીન વિકાસ નિગમ દ્વારા આયોજન કરવાનું રહેશે. જેની કાર્યવાહી મેનેજીંગ ડીરેકટરશ્રી આત્મા દ્વારા કરવાની રહેશે.

(૭) (૭) જિલ્લામાં થનાર અન્ય કૃષિ મહોત્સવના કાર્યક્રમો માટે પણ માર્ગદર્શિકામાં જણાવ્યા પ્રમાણે સવારે અને બપોરના સેમીનારો વ્યવસ્થિત રીતે થાય તે જોવા જણાવ્યું.

(૮) જીલ્લાના અન્ય સ્થળોએ કૃષિ મહોત્સવમાં નીચે મુજબ કચેરીઓને સ્ટોલમાં પ્રદર્શન-નિદર્શન કરવાનું નકકી થયું.આમછતાં સ્થાનિક પરિસ્થિતિ મુજબ જીલ્લા અમલીકરણ સમિતિ દ્વારા સ્ટોલ આખરી કરી શકાય.

| | | |
|---|---|---|
| (૧) | દરેક યુનિવર્સિટી | ૧૦ |
| (૨) | કૃષિ | ૧૧ |
| (3) | પશુપાલન | ૭ |
| (૪) | સહકાર | ૫ |
| (૫) | જિલ્લા કચેરીઓ | ૧૦ |
| (૬) | બાગાયત | ૨ |
| (૭) | ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન | ૧ |
| (૮) | GGRC | ૧ |
| (૯) | ગુજરાત જમીન વિકાસ નિગમ | ૧ |
| (૧૦) | ગુજરાત બીજ નિગમ | ૧ |
| (૧૧) | આત્મા | ૧ |
| | | -------- |
| | કુલ | ૫૦ |

(૯) ખેતી નિયામકશ્રી મારફતે કૃષિ મહોત્સવ ૨૦૧૬ ની મેગાઇવેન્ટની વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી થાય તે જોવુ સ્થાનીક કક્ષાએથી પણ જે તે કૃષિ મહોત્સવની પ્રસિધ્ધી થાય તે માટે સ્થાનિક માહિતી ખાતાની કચેરી, વર્તમાનપત્રો, લોકલ કેબલ નેટવર્ક, એસએમએસ અને અન્ય પ્રચારના સાધનોનો ઉપયોગ કરવો.

(૧૦) દરેક મેગાઇવેન્ટ માટે અગાઉથી આમંત્રીતોની યાદી તૈયાર કરી નિમંત્રણ પાઠવવા, પ્રોટોકોલ મુજબ બેઠક વ્યવસ્થા જાળવવી, સમારંભના સ્થળે ઠંડા પાણી, અવર-જવર, બેસવાની વ્યવસ્થા, સીકયુરીટી, જાહેર જનતા માટે જરૂરી માહિતી સેવા કેન્દ્રો વ્યવસ્થિત રહે તે જોવું.

(૧૧) મેગાઇવેન્ટના મુખ્ય સ્થળેથી અલગ રીતે પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવુ નિયામકશ્રી પશુપાલન દ્વારા તેમજ સાથે સાથે અન્ય સ્થળોએ વધુ સંખ્યામાં પશુમેળાઓ થાય તે પણ જોવું.

(૧૨) તા.૩૧-૫-૨૦૧૬ ના રોજ કૃષિ મહોત્સવના છેલ્લા દિવસે ભીમસરા, તા. બાવળા જિ.અમદાવાદ મુકામે કામધેનુ યુનિવર્સીટી દ્વારા થનાર ભૂમિપૂજનની કૃષિ મહોત્સવના કાર્યક્રમ સાથે સમાપન કાર્યક્રમ વિચારણા હેઠળ છે. વિભાગ હેઠળની કચેરીઓએ સહકાર આપવાનો રહેશે.

સૌનો આભાર સાથે બેઠક પુર્ણ કરવામાં આવી.

---

ક્રમાંકઃપરચ-૧૩૨૦૧૬-૮૫૭-મ-૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૩૦-૪-૨૦૧૬

<u>નકલ જાણ અને જરૂરી કાર્યવાહી માટે રવાનાઃ-</u>

સહી
( આર.કે.શાહ )
નાયબ સચિવ
કૃષિ અને સહકાર વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી (સહકાર, પ.પા.અને મત્સ્યોદ્યોગના અંગત સચિવશ્રી
- સર્વે જિલ્લા કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા/બોર્ડ/નિગમો/કૃષિ યુનિવર્સિટીઓ
- વિભાગના સર્વે નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ